| | | |
|---|---|---|
| આંક | : | ૧૭ |
| દાખલ તારીખ | : | ૧૩ ૧૦ ૨૦૨૫ |
| નિકાલ તારીખ | : | ૦૧ ૦૬ ૨૦૨૬ |
| સમયગાળો | : | |
| કુલ | : | ૧૯ ૦૭ ૦૦ |

# મે.ના.શ્રી ગાંધીનગરના મુખ્ય સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં, ગાંધીનગર.

**ફોજદારી અપીલ નંબર–૩૭૨/૨૦૨૫**

---

**એપેલન્ટ** : **રાજુભાઈ સાંકાભાઈ રબારી**
ઉં.વ.–૪૩, ધંધો–નોકરી,
રહે.૬૧૭, ઠાકોર વાસ, લક્ષ્મીનગર,
મોટેરા અમદાવાદ.
સામે, આર.સી.ટેક્નીકલ રોડ,
ઘાટલોડિયા, અમદાવાદ.

**વિ રૂ દ્ધ**

**રીસ્પોન્ડન્ટસ** :૧. **સરકારશ્રી**
૨. **યાદવ ભૃગુનાથસિંહ શ્રીહિરાસિંહ**
ઉં.વ.–પુખ્ત, ધંધો–નોકરી,
રહે.કેરળા વાળો વાસ,
મુ.અમિયાપુર, તા.જિ.ગાંધીનગર.

---

**બાબત** : ગાંધીનગર જિલ્લાના મહે.ચીફ જ્યુડી.મેજી.સાહેબ નાઓએ તેમની સમક્ષના ક્રિમી.કેસ નં.૧૩૩૪/૨૦૨૨ ધી નેગો.ઈન્સ્ટ્રુ.એક્ટની કલમ : ૧૩૮ ના કામમાં તા.૨૪.૦૯.૨૦૨૫ ના રોજ આ કામના અરજદારને મજકુર ગુના સબબ તક્સીરવાન ઠરાવી ૧ વર્ષની સાદી કેદની સજા અંગે કરેલ હુકમ તેમજ ક્રિ.પ્રો.કોડની કલમ : ૩૫૭(૩) મુજબ ફરિયાદ વાળા ચેકની રકમ ૧ માસમાં વળતર પેટે ચુકવી આપવી અને જો ન ચુકવે તો વધુ ૬ માસની સાદી કેદની સજા કરવાનો હુકમ કરેલ તે હુકમ વિરૂધ્ધ **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ : ૪૧૫ (ક્રિ.પ્રો.કોડની કલમ : ૩૭૪) મુજબની અપીલ :**

---

---

એપેલન્ટ/મૂળ આરોપી તરફે : વિ.વ.શ્રી પી.આર.સોનાર
રીસ્પોન્ડન્ટસ નંબર–૧ તરફે : વિ.એ.પી.પી.શ્રી એસ.એસ.પંડયા
રીસ્પોન્ડન્ટસ નંબર–૨ તરફે : વિ.વ.શ્રી વી.બી.ઠાકોર

---

## :: ઠ રા વ ::

**૧)** હાલના એપેલન્ટ ફોજદારી કેસ નંબર–૧૩૩૪/૨૦૨૨ ના કામના આરોપી હોઈ તેમને હાલની અપીલના કામે પણ ''આરોપી'' તરીકે સબંધોવામાં આવેલ છે. જયારે હાલના રીસ્પોન્ડન્ટ નંબર–૨ તે કામના મૂળ ફરિયાદી હોઈ તેમને હાલની અપીલના કામે ''ફરિયાદી'' તરીકે સંબોધવામાં આવેલ છે. જયારે રીસ્પોન્ડન્ટ નંબર–૧ શ્રી ગુજરાત સરકારને ''શ્રી સરકાર'' તરીકે સબંધોવામાં આવેલ છે.

**૨)** હાલના રીસ્પોન્ડન્ટ નંબર–૨/મૂળ ફરિયાદીએ ગાંધીનગર ખાતેની ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ હેઠળ ખાનગી ફરિયાદ આપતા, તે ફરિયાદ અન્વયે નિયમોનુસારની કાર્યવાહી અનુસર્યા બાદ એપેલન્ટ/મૂળ આરોપી રાજુભાઈ સાંકાભાઈ રબારી સામે ફોજદારી કેસ નંબર–૧૩૩૪/૨૦૨૨ નોંધાયેલ. જે કેસની ન્યાયીક કાર્યવાહી ગાંધીનગરના વિ.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીની અદાલતમાં ચાલી જતા, ન્યાયીક કાર્યવાહીના અંતે ગાંધીનગરના વિ.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીએ તા.૨૪/૦૯/૨૦૨૫ ના રોજ એપેલન્ટ/મૂળ આરોપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વેના ગુનામાં દોષીત ઠરાવી, ૧ (એક) વર્ષની સાદી કેદની સજા અંગે કરેલ હુકમ તેમજ ક્રિ.પ્રો.કોડની કલમ : ૩૫૭(૩) મુજબ ફરિયાદ વાળા ચેકની રકમ ૧(એક) માસમાં વળતર પેટે ચુકવી આપવી અને જો ન ચુકવે તો વધુ ૬(છ) માસની સાદી કેદની સજા કરવાનો હુકમ ફરમાવેલ. જે હુકમથી નારાજ થઈ, એપેલન્ટ/મૂળ આરોપીએ હાલની અપીલ દાખલ કરેલ છે અને જણાવેલ છે કે, નામ.ટ્રાયલ કોર્ટે નિયમોનુસારની કાયદાકીય પ્રક્રિયા

તથા કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો અનુસર્યાં વગર હુકમ કરેલ છે અને તેથી વાદગ્રસ્ત હુકમ ખોટો, ભૂલ ભરેલ, અન્યાયી હોઈ તેથી તે રદ થવાને પાત્ર છે. નામ.ટ્રાયલ કોર્ટે તેઓ સમક્ષ રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું યોગ્ય રીતે મૂલ્યાંકન કરેલ નથી અને નામ.ટ્રાયલ કોર્ટે આરોપીને દોષિત ઠરાવવા સંબંધે જે કારણો દર્શાવેલ છે તે રજૂ થયેલ પુરાવાથી તદ્દન વિપરીત છે. નામ. ટ્રાયલ કોર્ટે જે મુદ્દા ઉપસ્થીત કરેલ છે તે પણ ભૂલ ભરેલ છે અને તેથી પણ વાદગ્રસ્ત હુકમ રદ થવાને પાત્ર ઠરે છે. નામ. ટ્રાયલ કોર્ટે ચેકના હસ્તાક્ષર તથા સહી અંગે હેન્ડરાઈટીંગ એકસપર્ટનો કોઈ અભિપ્રાય મેળવેલ નથી અને તેથી પણ વાદગ્રસ્ત હુકમ રદ થવાને પાત્ર ઠરે છે. વિ.ટ્રાયલ કોર્ટે એવિડેન્સ એક્ટની જોગવાઈઓ પણ ધ્યાને લીધેલ નથી. રીસ્પોન્ડન્ટ નંબર–૨/મૂળ ફરિયાદી દ્વારા નામ. ટ્રાયલ કોર્ટ સમક્ષ  રજૂ કરેલ દસ્તાવેજો પુરાવાર કરેલા નથી. રીસ્પોન્ડન્ટ નંબર–૨/મૂળ ફરિયાદી નામ. ટ્રાયલ કોર્ટ સમક્ષ એપેલન્ટ/મૂળ આરોપી પાસે તેમનુ કાયદેસરનુ લેણુ હોવાનુ અથવા તો તેઓ વચ્ચે કોઈ નાણાકીય વ્યવહાર હોવાનુ પણ પુરવાર કરી શકેલ નથી તેમજ રીસ્પોન્ડન્ટ નંબર–૨/મૂળ ફરિયાદીએ આરોપીને આપેલ રકમ તેમની પાસે કયાંથી અને કેવી રીતે આવેલ તે હકીકત પણ પુરવાર કરી શકેલ નથી. આમ, રીસ્પોન્ડન્ટ નંબર–૨ પોતે એપેલન્ટ/મૂળ આરોપી પાસે તેમનુ કાયદેસરનુ લેણુ હોવાનુ પણ પુરવાર કરી શકેલ ન હોવા છતાં, નામ. ટ્રાયલ કોર્ટે એપેલન્ટ/મૂળ આરોપીને દોષિત ઠરાવતો જે વાદગ્રસ્ત હુકમ ફરમાવેલ છે તે હુકમ અન્યાયી, ખોટો, ભૂલ ભરેલ અને કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતોથી વિરૂધ્ધનો હોઈ, રદ થવાને પાત્ર ઠરે છે. વધુમાં, રીસ્પોન્ડન્ટ નંબર–૨/મૂળ ફરિયાદી દ્વારા પોતાનો પ્રથમ દર્શનિય કેસ હોવાનું પુરવાર કરી શકેલ નથી. વાદગ્રસ્ત ચેક રીસ્પોન્ડન્ટ નંબર–૨/મૂળ ફરિયાદી પાસે કેવી રીતે આવ્યો તે અંગે કોઈ પણ જાતનો પુરાવો રજૂ થયેલ નથી. આ કામના રીસ્પોન્ડન્ટ નંબર–૨/મૂળ ફરિયાદીએ રૂા.૭,૦૦,૦૦૦/– રોકડા અરજદારને આપ્યા છે તે હકીકત દસ્તાવેજી પુરાવાથી સાબિત કરી શકેલા નથી તેમજ આ રોકડા તેઓ પાસે હતા તે સંદર્ભનો કોઈ પુરાવો તેઓ કોર્ટમાં આપી શકેલ નથી અને એકાઉન્ટ સ્ટેટમેન્ટ ઉલટતપાસમાં માંગવામાં આવેલ

જે આપવાની પણ સામાવાળાએ ના પાડેલ છે તે હકીકત પણ નામ.ટ્રાયલ કોર્ટે ધ્યાને લીધેલ નથી. આ કામના રીસ્પોન્ડન્ટ નંબર–૨/મૂળ ફરિયાદીની ફરિયાદને લિમિટેશન એક્ટનો બાધ સ્પષ્ટપણે નડે છે જે તેમની નોટીસ, ફરિયાદ અને સરતપાસની હકીકત જોતાં પણ સ્પષ્ટ થયેલ છે અને ફરિયાદમાં જણાવેલ લેણું ટાઇમ બહારનું લેણું હોવાની હકીકત પુરવાર થયેલ હોવા છતાં નામ.ટ્રાયલ કોર્ટે તે હકીકત ધ્યાને લીધેલ નથી અને ખોટો ચુકાદો જાહેર કરેલ છે. આ કામના રીસ્પોન્ડન્ટ નંબર–૨/મૂળ ફરિયાદીએ તેમની સરતપાસ સિવાય સદર કામે કોઈપણ સાહેદ તપાસેલા નથી કે કોઈપણ પ્રકારના તકરારી ચેક સિવાયના દસ્તાવેજી પુરાવાઓ, બેંક વીટનેસ કે બેંકના ખાતાના ઉતારા કે તેમની માલિકીની જમીન અંગેના કોઈ દસ્તાવેજી પુરાવાઓ કે ફરિયાદમાં જણાવેલ રકમ તેમની પાસે રોકડમાં હાથ ઉપર હતી તેવું દર્શાવતો કોઈ દસ્તાવેજ આ કામે રજૂ કરેલો નથી. વળી, નામ. ટ્રાયલ કોર્ટે એપેલન્ટ/મૂળ આરોપીને વાદગ્રસ્ત ચેકની રકમ વળતર આપવાનો હુકમ કરેલ છે. જે દંડની રકમ વાદગ્રસ્ત ચેક કરતા બમણી નથી તો, એપેલન્ટ/મૂળ આરોપીને ચેકની રકમનો દંડ નામ. ટ્રાયલ કોર્ટે કેવી રીતે કયા આધારે કરેલ છે તે બાબતે વાદગ્રસ્ત હુકમમાં કોઈ હકીકત જણાવવામાં આવેલ નથી. વધુમાં, નામ. ટ્રાયલ કોર્ટે પોતાના હુકમમાં ઉચ્ચ અદાલતોના કેટલાક ચૂકાદાઓનો ઉલ્લેખ કરેલ છે. પરંતુ તે ચૂકાદા અન્વયે પક્ષકારો દ્વારા તેમના મૌખિક કે લેખિત રજૂઆતમાં દર્શાવવામાં આવેલ નથી. આમ, નામ. ટ્રાયલ કોર્ટનો વાદગ્રસ્ત હુકમ ખોટો, ભૂલ ભરેલ, કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો તથા કાયદાની જોગવાઈઓથી વિરૂધ્ધનો હોઈ તે હુકમ રદ ફરમાવી, એપેલન્ટ/મૂળ આરોપીની ઉપરોક્ત મુજબની રજૂઆતો ધ્યાને લઈ હાલની અપીલ મંજૂર કરવા અરજ કરેલ છે તથા કાયદા મુજબ મળવાપાત્ર થતી અન્ય દાદ અપાવવા અરજ કરેલ છે.

૩) એપેલન્ટ/મૂળ આરોપીની હાલની અપીલ દાખલ થતા, રીસ્પોન્ડન્ટ નંબર–૧ તથા રીસ્પોન્ડન્ટ નંબર–૨ ને નોટીસ ઈશ્યુ કરવામાં આવેલ છે. જે અન્વયે રીસ્પોન્ડન્ટ નંબર–૨ તેમના વિ.વકીલશ્રી મારફતે

ઉપસ્થીત થયેલ છે અને એપેલન્ટ/મૂળ આરોપીની અપીલ વિરૂધ્ધ મૌખિક દલીલો રજૂ કરેલ છે અને જણાવેલ છે કે, રીસ્પોન્ડન્ટ નંબર–૨/મૂળ ફરિયાદીએ ચોખ્ખા હાથે ચેક રીટર્ન અંગેનો એપેલન્ટ/મૂળ આરોપી સામે કેસ દાખલ કરતા, જેમાં નામ.ટ્રાયલ કોર્ટે હુકમ ફરમાવતા, રીસ્પોન્ડન્ટ નંબર–૨/મૂળ ફરિયાદીને ન્યાય મળેલ છે. નામ. ટ્રાયલ કોર્ટે તેમના વિસ્તૃત હુકમમાં તમામ પાસાઓની વિગતવાર ચર્ચા અને વિવરણ અને રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું યોગ્ય રીતે મૂલ્યાંકન કર્યા બાદ હુકમ ફરમાવેલ છે. એપેલન્ટ/મૂળ આરોપીએ નામ.કોર્ટનો હુકમનો અનાદર કરી, નામ.કોર્ટે કરેલ હુકમ મુજબ રીસ્પોન્ડન્ટ નંબર–૨/મૂળ ફરિયાદીને કોઈ રકમ ચૂકવેલ નથી કે નામ.કોર્ટમાં જમા કરાવેલ નથી. એપેલન્ટ/મૂળ આરોપી નાઓ દ્વારા કાયદાથી વિરૂધ્ધ જઈ હાલની અપીલ દાખલ કરેલ હોઈ તે અન્વયે આપવામાં આવેલ અરજી હેઠળ પણ યોગ્ય અને ન્યાયી હુકમ ફરમાવવા અરજ કરેલ છે. એપેલન્ટ/મૂળ આરોપીએ નામ.ટ્રાયલ કોર્ટ સમક્ષ આંક–૧૬ થી રજૂ થયેલ વાદગ્રસ્ત ચેકમાં પોતાની સહી હોવાનુ સ્વીકારેલ છે. આ કામના રીસ્પોન્ડન્ટ નંબર–૨ સિક્યોરીટીની નોકરી કરે છે અને પરિવારના ભરણપોષણની જવાબદારી તેમના શિરે છે. આ કામના એપેલન્ટ/મૂળ આરોપીએ રીસ્પોન્ડન્ટને તેમની લેણી નિકળતી રકમ આજદિન સુધી ચુકવી આપેલ ન હોઈ, રીસ્પોન્ડન્ટ નંબર–૨/મૂળ ફરિયાદીએ વાદગ્રસ્ત ચેક સામે કેસ કરેલ છે. આ કામના એપેલન્ટ/મૂળ આરોપીએ તા.૧૩/૧૦/૨૦૨૫ ના રોજ થી જામીન મેળવ્યા બાદ આજદિન સુધી, રીસ્પોન્ડન્ટ નંબર–૨/મૂળ ફરિયાદીને તેમની લેણી નિકળતી રકમ ચૂકવી આપેલ નથી. જે તમામ હકીકતો ધ્યાનમાં રાખી, નામ.ટ્રાયલ કોર્ટનો હુકમ ન્યાયીક અને કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો તથા કાયદાની જોગવાઈઓ મુજબનો હોઈ એપેલન્ટ/મૂળ આરોપીની હાલની અપીલ રદ ફરમાવવા વિનંતી કરેલ છે.

૪) એપેલન્ટ/મૂળ આરોપીએ અપીલના સમર્થનમાં મૌખિક દલીલો સાથે જજમેન્ટ્સ રજૂ કરેલા છે અને જણાવેલ છે કે, આ કામના રીસ્પોન્ડન્ટ નં.૨/મૂળ ફરિયાદીનું લેણું એ કાયદેસરનું વસુલવાપાત્ર લેણું

નથી. લેણું કાયદેસર વસુલવાપાત્ર ન હોય એટલે કે ટાઈમબહારનું હોય તો તેવા લેણાં સંદર્ભમાં ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ ૧૩૮–એ હેઠળ ગુન્હો બનતો નથી. જે સંદર્ભમાં એપેલેન્ટ નીચે મુજબના ચુકાદાઓ ઉપર આધાર રાખેલ : 2001 CRI.L.J. 24, (KERALA HIGH COURT) Sasseriyil Jaseph v. Devassia, Negotiable Instruments Act, (26 of 1881) S. 138 –

Dishonour of Cheque– Cheque in queston was issued in discharge of time barred debt– No valid acknowledgement of debt before expiry of three years from date of loan– Debt not legally enforceable at time of issuance of cheque Accused can not be convicted for dishonour of cheque. (Para 7 and 8)ઉપરોક્ત ચુકાદાને નામદાર સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવેલો જે Sasseriyil Jaseph v. Devassia, S.L.P. (Cri.) No.1785 decided on 10.09.2001 by S.C. નામદાર સુપ્રીમ કોર્ટે કેરાલા હાઈકોર્ટમાં ઉપરોક્ત ચુકાદો કાયમ રાખેલો છે અને સમય મર્યાદા બહારનું લેશુ એ કાયદેસરનું લેણું તરીકે વસુલવા પાત્ર નથી અને તેવા નાણા ચુકવવા બાબતે કોઈ ચેક આપવામાં આવેલ હોય તો ધી નેગો. ઈન્સ્ટ. એકટની કલમ ૧૩૮ હેઠળ ગુન્હો બનતો નથી.

– વધુમાં, એપેલેન્ટ દ્વારા રજૂઆત કરવામાં આવેલ છે કે, Gujarat Law Reporter 2024 (1) 185 ના ગુજરાત હાઈકોર્ટના ચુકાદામાં પણ Sasseriyil Jaseph v. Devassia, S.L.P. (Cri.) No.1785 decided on 10.09.2001 by S.C.ને અનુસરીને હુકમ કરેલો છે. સદર ચુકાદામાં સ્પષ્ટ જણાવવામાં આવેલ છે કે,

(A) NegotiableInstruments Act, 1881 (26 of 1881) Sec. 138–Limitation Act, 1963 (36 of 1963) – Art. 19–Contract Act, 1872 (9 of 1872) Sec. 25(3)–Wheather cheque amounts to acknowledgment of debt which is

time barred – Loan given by complain–ant to acused in year 1998–Limitation period under Art. 19 comes to end in year 2001– Cheque issued on 15.12.2004 i.e., beyond limitation period – No other evidence produced of acknowledgment of debt in writing within limitation period Held, cheque not issued for discharge of "legally enforceable debt or liability" Cheque amounts to acknowledgment of debt only if same issued within limitation period – No offence committed by accused under Sec. 138–Acquittal confirmed. આમ, ઉપરોક્ત ચુકાદાઓની હકીકતો ધ્યાને લઈએ તો ત્રણ વર્ષની સમય મર્યાદા પૂરી થઈ ગયા બાદ કોઈપણ લેણું કાયદેસરનું લેણું રહેતુ નથી.

– હાલના કેસમાં પણ ચેક પૈસા આપ્યાના ત્રણ વર્ષ અને ત્રણ માસ પછી આપવામાં આવેલ છે અને ચેક આપ્યાને એક્નોલેજમેન્ટ કહી શકાય નહિં. તદ્ઉપરાંત નામદાર ગુજરાત હાઈકોર્ટનો J. Chitranjan And Company propri–etor C.D.Shah versus State of Gujarat, 2016 CJ(Guj) 2738, 2017(1) GCD 390 પ્રસિધ્ધ થયેલ ચુકાદો ધ્યાને લેવામાં આવે તો તેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ ઠરાવેલ છે કે, સમય મર્યાદા બહારનું દેવું હોય તો નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ ની ફરિયાદ ચાલવા યોગ્ય નથી.

વધુમાં, એપેલેન્ટ તરફે એવી પણ દલીલ કરવામાં આવેલી છે કે, આ કામના સામાવાળાએ રૂા.૭,૦૦,૦૦૦/– જેવી માતબર રકમ રોકડા એકસામટે હાથઉછીના આપ્યાની હકીકત પુરવાર કરવાની કાયદેસરની જવાબદારી સામાવાળાની હતી અને ઉલટતપાસમાં સામાવાળાએ કબુલેલ હકીક્તને ધ્યાને લેતા સામાવાળાનું કહેવાતુ લેણું સમય મર્યાદા બહારનુ છે તે સ્પષ્ટ થયેલ છે. સામાવાળા પાસેથી અરજદારે ક્યારેય નાણા હાથઉછીના લીધા નથી. જે ઉલટમાં પણ સ્પષ્ટપણે જણાવેલ છે અને તેઓ બચાવ પણ લીધેલ છે. જે સંદર્ભમાં નીચે મુજબના ચુકાદાઓ ઉપર આધાર રાખેલ છે :

2015 (3) DCR 782– BOMBAY HIGH COURT

Negotiable Instruments Act, 1881–Section 138–

Dishonour of cheque–Convicted by trial court but acquitted by appellate court–Validity–Held–Since complainant had not produced any documentary evidence to prove alleged loan transaction or to prove that he had capacity to advance such loan, so findings of Ld. Appeilate Court are probable and are neither illegal nor perverse–No–interference–Appal is dismissed. (Para 12, 14 and 15).

2023(3) DCR 524 KARNATAKA HIGH COURT

Negotiable Instruments Act, 1881–section 138– Crimonal Procedure Code, 1973– Section 397 read with section 401– Revision against conviction and sentence–Validity–Held–Since both the courts be–low has not considered the financial status of compainant to advance such a huge amount, hence entire approach is perverse and arbitrary and is li–able to be quashed–Acquitted the accused–Revision is allowed. (Para 16 to 20) પ્રસિધ્ધ થયેલ ચુકાદો ધ્યાને લેવામાં આવે તો તેમાં નામદાર કર્ણાટક હાઈકોર્ટ ઠરાવેલ છે કે, જ્યાં માતબર પ્રમાણમાં રકમ સંકળાયેલી હોય, ત્યાં વિવાદનો નિર્ણય કરવા માટે ફરિયાદીની આર્થીક સ્થીતિનો પણ કોર્ટ દ્વારા વિચાર કરવામાં આવવો જોઈએ. વધુમાં, એપેલેન્ટ તરફે રજૂ કરવામાં આવેલા ચુકાદાઓ નીચે પ્રમાણે છે :

1.1997(2) Crimes658

2. 2001 CRI.L.J. 24

3. GLR 2024 (1) 185

4. 2022 (3) DCR 74
5. 2022 (1) DCR 448
6. 2020 2 GLR 1573 (2019 Supreme (Guj) 1043
7. 2023 2 Crimes HC 366
8. 2016 CJ (Guj) 2738 (2017 1 GCD 390)
9. 2015 (1) DCR 663
10. 2021 (1) DCR 444
11. 2010 (1) DCR 682
12. 2015(3) DCR 782
13. 2023 (3) DCR 524
14. 2022(2)DCR 209
15. 2024(1) DCR 27
16. 2022(2) DCR 209
17. 2025(3) DCR 397
18. 2025(3) DCR 376
19. 2025(3) DCR 102

– વધુમાં, એપેલેન્ટ/મૂળ આરોપી તરફે એવી દલીલ કરવામાં આવેલ છે કે, આ કામના એપેલન્ટ/મૂળ આરોપીએ, રીસ્પોન્ડન્ટ નંબર–૨/મૂળ ફરિયાદીને હાથઉછીની રકમના લેણા વાદગ્રસ્ત ચેક પેટે આપેલ હોય તેવી કોઈ જ હકીકત ફરિયાદી રેકર્ડ પર પુરવાર કરી શકેલ નથી. જે ધ્યાને લેતાં વિવિધ નામ. હાઈકોર્ટ તથા નામ. સુપ્રીમ કોર્ટ દ્વારા વખતો–વખત પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો જોતાં, નામ. ટ્રાયલ કોર્ટ સમક્ષ આંક–૧૬ થી રજૂ વાદગ્રસ્ત ચેક, પુરાવામાં ગ્રાહ્ય જ નથી ત્યારે તેના પર આધાર રાખી, નામ.ટ્રાયલ કોર્ટે એપેલન્ટ/મૂળ આરોપીને દોષિત ઠરાવતો જે હુકમ ફરમાવેલ છે તે અયોગ્ય અને કાયદાથી વિરૂધ્ધનો છે તેમજ તે સમય મર્યાદા બહારનું દેવું હોય, નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ ની ફરિયાદ ચાલવા યોગ્ય નથી. જેથી, હુકમ રદ થવાને પાત્ર હોઈ, નામ. ટ્રાયલ કોર્ટ દ્વારા કરવામા આવેલ વાદગ્રસ્ત હુકમ રદ ફરમાવી, એપેલન્ટ/મૂળ આરોપીની

હાલની અપીલ મંજૂર કરવા વિનંતી કરેલ છે.

૫) ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ નામ. ટ્રાયલ કોર્ટ દ્વારા એપેલન્ટ/મૂળ આરોપી નુ સી આર.પી.સી.ની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામા આવેલ. જેમાં એપેલન્ટ/મૂળ આરોપીએ તેઓ વર્ષ ૨૦૨૦ ના અરસામાં મોઢાના ભાગે કેન્સર થયેલાનું માલુમ પડેલુ જેથી તેના ઓપરેશન માટે તેઓને નાણાની જરૂર હતી. પરંતુ તેમના મકાન ઉપર બેંક લોન મળી શકે તેમ ન હોઈ ફરિયાદીના ઓળખીતા ફાઈનાન્સર મકાનનાં પેપર્સ જેવા કે, પાવર ઓફ એર્ટની તથા વેચાણ કરાર તથા સહીવાળા કોરા ચેક લઈ લોન આપવાની વાત કરેલી. તેથી ફરિયાદીની વાત ઉપર વિશ્વાસ અને ભરોસો રાખી તેઓએ મકાનના પેપર્સ તથા ચેક ફકત સહીવાળા ચેકની આગળ તથા પાછળ સહી કરીને સીકયોરીટી પેટે આપેલો, પરંતુ ફરિયાદીના ઓળખીતાએ લોન આપેલ નહીં. જેથી એપેલેન્ટએ અન્ય ઈસમો પાસેથી રૂા.૧,૦૦,૦૦૦/– ઉછીના લઈ પોતાનું ઓપરેશન કરાવેલ છે. ફરીયાદી પાસેથી તેઓએ ત્રણ વર્ષ અગાઉ કોઈ રકમ માંગેલી નથી કે રૂા.૭,૦૦,૦૦૦/– જેવી માતબર રકમ તેઓએ ફરીયાદી પાસેથી લીધી નથી. તેવી રકમની ચૂકવણી માટે તકરારી ચેક આપેલ નથી. આટલી મોટી રકમ ચૂકતે આપવાની તેમની કોઈ હેસિયત નથી. તેઓ પ્રાઈવેટ સિકયોરીટીમાં નોકરી કરે છે. તેથી આટલી મોટી રકમ તેઓને કોઈ ઉછીની આપે પણ નહી. ફરિયાદીની દાનત ખરાબ થતા ખોટી ફરિયાદની હકીકત ઉભી કરી તકરારી ચેકમાં જાતે રકમ, નામ, તારીખ નાખી તેમની જાણ બહાર ચેક ભરી ખોટો કેસ કરેલ છે. આરોપી કેન્સરની બીમારીથી પીડાય છે અને તેઓની જિંદગીનો કોઈ ભરોસો નથી. આવી મુશ્કેલ પરિસ્થિતિમાં ફરિયાદીને મિત્રતાના સંબંધ તો વિશ્વાસઘાત કરી ખોટો કેસ કરેલ છે. તેઓ નિદોર્ષ છે. તેઓને નિદોર્ષ ઠરાવી છોડી મુકવા વિનંતિ કરેલી છે.

૬) ઉપરોકત હકીકતો અને સંજોગોને ધ્યાનમાં રાખી, હાલની અપીલનો ન્યાયીક નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**:: મુદ્દા ::**

**:૧:** શું એપેલન્ટ/મૂળ આરોપી સાબીત કરે છે કે, ગાંધીનગરના વિ.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીએ તેમની સમક્ષના ક્રિમી.કેસ નં.૧૩૩૪/૨૦૨૨ ધી નેગો.ઈન્સ્ટ્રુ.એક્ટની કલમ : ૧૩૮ ના કામમાં તા.૨૪.૦૯.૨૦૨૫ ના રોજ આ કામના અરજદારને મજકુર ગુના સબબ તક્સીરવાન ઠરાવી ૧ વર્ષની સાદી કેદની સજા અંગે કરેલ હુકમ તેમજ ક્રિ.પ્રો.કોડની કલમ : ૩૫૭(૩) મુજબ ફરિયાદ વાળા ચેકની રકમ ૧ માસમાં વળતર પેટે ચુકવી આપવી અને જો ન ચુકવે તો વધુ ૬ માસની સાદી કેદની સજા કરવાનો હુકમ કરેલ. તે હુકમ અયોગ્ય, અન્યાયી, કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતોથી વિરૂધ્ધનો હોઈ તે હુકમમાં હાલની એપેલન્ટ કોર્ટને હસ્તક્ષેપ કરવો આવશ્યક છે?

**:૨:** શું હુકમ?

PRINCIPAL DISTRICT & SESSIONS COURT, GANDHINAGAR सत्यमेव जयते

૭) ઉપરોકત મુદ્દાઓ ઉપરના મારા નિર્ણયો અને તારણો નીચે મુજબના છે.

:૧: નકારમાં.

:૨: આખરી હુકમ મુજબ.

**:: કારણો ::**

૮) બંને પક્ષકારો તરફે થયેલ રજૂઆતો, એપેલન્ટ/મૂળ આરોપી ના વિ.વ.શ્રી તરફે રજૂ થયેલ લેખીત દલીલો, કેસની હકીકતો અને સંજોગો ધ્યાને લીધા. નામ. ટ્રાયલ કોર્ટે કરેલ વાદગ્રસ્ત હુકમ વંચાણે લીધો તેમજ નામ. ટ્રાયલ કોર્ટનું રેકર્ડ ધ્યાને લીધું. એપેલન્ટે/મૂળ આરોપીએ હાલની

અપીલ સી.આર.પી.સી.ની કલમ–૩૭૪ હેઠળ દાખલ કરેલ હોઈ, સી.આર.પી.સી. ની કલમ–૩૭૪ ની જોગવાઈ ધ્યાને લેવી જરૂરી જણાય છે. જે નીચે મુજબ છે :

**સી આર.પી.સી. ની કલમ–૩૭૪ : Appeals from convictions.**

(1) Any person convicted on a trial held by a High Court in its extraordinary original criminal jurisdiction may appeal to the Supreme Court.

(2) Any person convicted on a trial held by a Sessions Judge or an Additional Sessions Judge or on a trial held by any other court in which a sentence of imprisonment for more than seven years 2 [has been passed against him or against any other person convicted at the same trial], may appeal to the High Court.

(3) Save as otherwise provided in sub–section (2), any person,

(a) convicted on a trial held by a Metropolitan Magistrate or Assistant Sessions Judge or Magistrate of the first class, or of the second class, or

(b) sentenced under section 325, or

(c) in respect of whom an order has been made or a sentence has been passed under section 360 by any Magistrate,

૯) ઉપરોકત કાયદાની જોગવાઈ સાથે એપેલન્ટ કોર્ટને રહેલ સત્તા અંગે ઉચ્ચ અદાલતે પ્રસ્થાપીત કરેલ સિધ્ધાંત જોઈએ તો,

7.**(A)** **Power of the Appellate Court in First Appeal:-**

Before adverting into the assessment of the factual aspect emerging from the evidence led on the record and proceedings of the present lis, it is worthwhile to lay bare the powers and jurisdiction that can be exercised by the present Court being First Appellate Court. This Court is being termed as the last court for evaluating, re-appreciating and reassessing the factual aspect that may be emerging from the record and proceeding of the lis, popularly known as Court of facts and law. The precinct of the power lies in the court co-extensive with the trial court and can exercise all the powers that have been vested in the trial court in respect of evaluation and appreciation of evidence and conclusion be drawn on the basis of the fresh evaluation of the evidence and facts be put in the jacket of laws which may be both adjective and substantial one.

**Sec.107. <u>Powers of appellate Court</u>-**

(1) Subject to such conditions and limitations as may be prescribed, an Appellate Court shall have power-

(a) to determine a case finally;

(b) to remand a case;

(c) to frame issues and refer them for trial;

(d) to take additional evidence or to require such evidence to be taken.

**Section 107(1)(a). <u>Power to decide a case finally</u>;**

An Appellate Court can decide a case finally. Where the evidence on record is sufficient to enable the

appellate Court to pronounce the judgment, it may finally determine the case notwithstanding that the judgment of the trial court has proceeded wholly upon some ground other than that on which the appellate court proceeds. The general rule is that a case should, as far a possible be disposed of on the evidence on record and should not be remanded for fresh evidence, except in rare cases, by drawing a final curtain on the litigation between the parties. "If life like a dome of many coloured glass stains the white radiance of eternity, so do the doings and conflicts of mortal beings till death tramples them down."

***Power to interfere with discretion of Lower Court***

As a general rule, a court of appeal will not interfere with the exercise of discretion by the court below and substitute its own discretion for the discretion of the lower court. It has been said that where the legislature has left the matter in the discretion of a court and with the same pen and ink has provided an appeal from the decision of the court, the task of the court of appeal is not to consider how it would have exercised the discretion, but to examine whether the court below has exercised the discretion judicially and in accordance with well recognized principles of law. Where the discretion has been exercised in good faith on a consideration of all relevant materials and circumstances and without being swayed by irrelevant matters and no injustice has been done by such exercise of discretion by the court below, the appellate court will not interfere with it even if it does not agree with the exercise of discretion by the trial court.

In Reserve Bank of India Vs. Ramkrishna Govind Morey, the SC stated; "whether the trial court should have exercised its discretion differently is not a question of law justifying interference in second appeal."

In certain cases however, it is not only the power but the duty of the appellate court to interfere with exercise of discretion by the Court below. Where the trial court had acted arbitrarily or capriciously or in total disregard of sound judicial principles, or without taking into consideration relevant and germane factors or had proceeded on assumptions not borne out or justified by records, or had applied wrong or incorrect legal principles leading to an unjust order, or where was abuse of power by the court below or if the court below fails to exercise discretion or where there is miscarriage of justice, the appellate court will interfere with the discretion.

The power of interference, however, should be exercised sparingly and with circumspection. Though the power of the appellate court is wide, ample and unrestricted it should not be exercised unless such exercise is necessary to relieve the aggrieved party and in the larger interest of justice.

The possibility of the appellate court coming to a different conclusion does not justify interference with the discretion exercised by the court below. The mere fact that the court below has not recorded cogent or sufficient reasons for exercising discretion in a particular manner is no ground for interference by the appellate court if the facts on which discretion has been exercised are present.

The burden is on the appellant to prove that the discretion had not been exercised judicially.

**Other powers**

An appellate court may pass any order which could and ought to have been passed by the original court. It can also make such other or further order as the case may require. An appellate court is competent to make any incidental or interlocutory order as could have been made by an original court.

૧૦) ઉપરોકત કાયદાની જોગવાઈઓ, એપેલન્ટ કોર્ટને રહેલ સત્તા અંગે વખતો–વખત પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો તથા કેસની હકીકતો અને સંજોગો જોતાં, નામ.ટ્રાયલ કોર્ટે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ તથા સદર કાયદાની કલમ–૧૩૯ માં કરવામાં આવેલ જોગવાઈઓની વિગતવાર ચર્ચા કરેલ છે તેમજ તેઓ સમક્ષ રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનુ યોગ્ય રીતે મુલ્યાંકન કરેલ છે.

૧૧) પુરાવાના કાયદા અનુસાર પક્ષકારો જે હકીકત સાથે કોર્ટ સમક્ષ આવેલ હોય તે હકીકત પુરવાર કરવાની જવાબદારી જે તે પક્ષકારની રહે છે. ચેક રીટર્નના કેસોમાં પ્રાથમિક તબકકે ફરિયાદી દ્વારા પુરાવો રજૂ કરવાનો હોય છે અને ફરિયાદપક્ષ દ્વારા પુરાવો રજૂ થયા બાદ ફરિયાદીની તરફેણમા સદર કાયદાની કલમ–૧૧૮ તથા ૧૩૯ મુજબનુ અનુમાન કરવાનુ રહે છે. જેથી સૌ પ્રથમ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના તત્વો પુરવાર થાય છે કે કેમ? તે હકીકત ધ્યાને લેવી પડે અને તે માટે સદર કાયદાની કલમ–૧૧૮, ૧૩૮ તથા ૧૩૯ ની જોગવાઈ ધ્યાને લેવી જરૂરી છે. જે નીચે મુજબ છે :

**138 Dishonour of cheque for insufficiency, etc., of funds in the account.—**

Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provision of this Act, be punished with imprisonment for 4 [a term which may be extended to two years'], or with fine which may extend to twice the amount of the cheque, or with both:

**Provided that nothing contained in this section shall apply unless—**

(a) thecheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity, whichever is earlier;

(b) the payee or the holder in due course of the cheque, as the case may be, makes a demand for the payment of the said amount of money by giving a notice; in writing, to the drawer of the cheque, 5 [within thirty days] of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid; and

(c) the drawer of such cheque fails to make the payment of the said amount of money to the payee or, as the case may be, to the holder in due course of the cheque, within fifteen days of the receipt of the said notice.

139 **Presumption in favour of holder**.

It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque of the nature referred to in section 138 for the discharge, in whole or in part, of any debt or other liability.

118 **Presumptions as to negotiable instruments**.

Until the contrary is proved, the following presumptions shall be made:

(a) of consideration:—that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument, when it has been accepted, indorsed, negotiated or transferred, was accepted, indorsed, negotiated or transferred for consideration;

(b) as to date:—that every negotiable instrument bearing a date was made or drawn on such date;

(c) as to time of acceptance:—that every accepted bill of exchange was accepted within a reasonable time after its date and before its maturity;ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ

એકટની કલમ–

(d) as to time of transfer:—that every transfer of a negotiable instrument was made before its naturity;

(e) as to order of indorsements:—that the indorsements appearing upon a negotiable instrument were made in the order in which they appear then on;

(f) as to stamp:— that a lost promissory note, bill of exchange or cheque was duly stamped;

(g) that holder is a holder in due course:—that the holder of a negotiable instrument is a holder in due course: provided that, where the instrutment has been obtained from its lawful owner, or from any person in lawful custody thereof, by means of an offence or fraud, or has been obtained from the maker or acceptor thereof by means of an offence or fraud, or for unlawful consideration, the burden of proving that the holder is a holder in due course lies upon him.

**૧૨)** ઉપરોકત કાયદાની જોગવાઈઓ સાથે હાલની અપીલના કામે એપેલન્ટ/મૂળ આરોપીએ એવી તકરાર લીધેલ છે કે, રીસ્પોન્ડન્ટ નંબર–૨/મૂળ ફરિયાદી દ્વારા વાદગ્રસ્ત ચેક સિવાયના અન્ય કોઈ દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ નથી કે તે પુરવાર કરેલ નથી અને તેથી સદર કાયદા હેઠળ કોઈ ગુનો બનતો જ નથી તેમજ રીસ્પોન્ડન્ટ નંબર–૨/મૂળ ફરિયાદી રૂા.૭,૦૦,૦૦૦/– નુ ધીરાણ આપવા સક્ષમ હતા તે હકીકત પણ પુરવાર

કરેલ નથી. એપેલન્ટ/મૂળ આરોપી તથા રીસ્પોન્ડન્ટ નંબર–૨/મૂળ ફરિયાદી વચ્ચે કોઈ નાણાકીય વ્યવહાર થયેલ હોવા બાબતે પણ કોઈ દસ્તાવેજી પુરાવા રજૂ રાખેલ નથી. ત્યારે આરોપીને દોષિત ઠરાવી સજા ફરમાવવાનો નામ. ટ્રાયલ કોર્ટનો હુકમ તદ્દન ગેરકાયદેસરનો, અન્યાયી હોઈ તે હુકમ રદ થવાને પાત્ર છે. એપેલેન્ટ/મૂળ આરોપી દ્વારા એવી પણ તકરાર લેવામાં આવેલ છે કે, તેઓને ૨૦૨૦ ની સાલમાં મોઢાના કેન્સરના ઓપરેશન માટે લોન લેવા ફરિયાદીના ઓળખિતા ફાઈનાન્સરને મકાનના પેપર્સ, સિક્યોરીટી પેટે આગળ–પાછળ સહીવાળો કોરો ચેક આપેલ. પરંતુ ફાઈનાન્સરે લોન આપતા, એપેલેન્ટ અન્ય ઈસમો પાસેથી રૂા.૧,૦૦,૦૦૦/– ઉછીના લઈ પોતાનું ઓપરેશન કરાવેલ. એપેલેન્ટની આ તકરારની હકીકત સાબિત કરવાનો બોજો એપેલેન્ટ/મૂળ આરોપી ઉપર રહેલો છે જે નામ. ટ્રાયલ કોર્ટનો હુકમ વંચાણે લેતાં, એપેલેન્ટ દ્વારા આવી કોઈ જ હકીકત રેકર્ડ પર પુરવાર કરેલ નથી કે તે અંગે કોઇ દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ નથી તેમજ ફરિયાદીની ઉલટતપાસમાં પણ આવી કોઈ હકીકત બહાર લાવી શકેલ નથી. નામ. ટ્રાયલ કોર્ટે સદર કાયદા હેઠળ ચેક મુખ્ય પુરાવો છે અને ચેક આપનાર વ્યકિતની રકમની ચુકવણી કરવાની જવાબદારી બને છે અને વાદગ્રસ્ત ચેકમાં એપેલન્ટ/મૂળ આરોપીની સહી નથી તથા તે ચેક એપેલન્ટ/મૂળ આરોપીએ આપેલ ન હતો તે પુરવાર કરવાની જવાબદારી એપેલન્ટ/મૂળ આરોપીની હતી. જે હકીકત એપેલન્ટ/ મૂળ આરોપી ટ્રાયલ કોર્ટ સમક્ષ પુરવાર કરી શકેલ નથી. સદર કાયદાની કલમ–૧૩૯ મુજબ ચેક ઈસ્યુ કરવામાં આવે ત્યારે કાયદેસરનુ લેણા બાબતે આપવામાં આવેલ હોવાનુ અનુમાન કરવાનુ રહે છે. જે અનુમાન ને ખંડીત કરતી હકીકતો રેકર્ડ પર લાવવાની જવાબદારી એપેલન્ટ/મૂળ આરોપીની હોય છે. પરંતુ એપેલન્ટ/મૂળ આરોપી વાદગ્રસ્ત ચેક પોતે આપેલ નથી અને તેમાં પોતાની સહી નથી તેવી કોઈ હકીકત રેકર્ડ પર લાવી શકેલ નથી. તેથી પણ નામ. ટ્રાયલ કોર્ટ દ્વારા જે અનુમાન કરવામાં આવેલ છે તે તદ્દન યોગ્ય અને વ્યાજબી જણાય છે. વધુમાં, એપેલન્ટ/મૂળ આરોપીએ રીસ્પોન્ડન્ટ નંબર–૨/મૂળ ફરિયાદીને વાદગ્રસ્ત ચેક કયાં કારણસર આપેલ તે હકીકત

પુરવાર કરવાની જવાબદારી એપેલન્ટ/મૂળ આરોપીની રહે છે. જે હકીકત પણ એપેલન્ટ/મૂળ આરોપી ટ્રાયલ કોર્ટ સમક્ષ પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે. રીસ્પોન્ડન્ટ નંબર–૨/મૂળ ફરિયાદીએ ટ્રાયલ કોર્ટ સમક્ષ પુરવાર કરેલ છે કે, વાદગ્રસ્ત ચેક એપેલન્ટ/મૂળ આરોપીએ કાયદેસરના લેણા પેટે આપેલ હતો અને તેમાં એપેલન્ટ/મૂળ આરોપીની સહી હતી. જે હકીકતને ખંડીત કરતી કોઈ હકીકત એપેલન્ટ/મૂળ આરોપી ટ્રાયલ કોર્ટ સમક્ષ રેકર્ડ પર લાવવામા સદંતર નિષ્ફળ રહેલ છે.

**૧૨.૧)** એપેલન્ટ/મૂળ આરોપીના વિ.વ.શ્રીએ એવી પણ તકરાર ઉઠાવેલ છે કે, ફરિયાદીનું લેણુ એ કાયદેસરનુ લેણુ ગણી શકાય નહીં. કારણ કે, પક્ષકારો વચ્ચે થયેલ કહેવાતા નાણાકીય વ્યવહારને ત્રણ વર્ષ પૂરા થઈ ગયા બાદ વાદગ્રસ્ત ચેક ઈસ્યુ કરવામાં આવેલ હોઈ, કહેવાતો નાણાકીય વ્યવહાર ત્રણ વર્ષ કરતા વધુ સમયનો હોઈ, સદર કાયદાની કલમ–૧૩૮ અન્વયે કાર્યવાહી ચાલી શકે નહીં અને તેથી સમયમર્યાદા બહારના લેણા પેટે વાદગ્રસ્ત ચેક સમય મર્યાદા બહારનો હોઈ, સદર કાયદા હેઠળ કોઈ ગુનો બનતો ન હોવા છતાં, ટ્રાયલ કોર્ટે એપેલન્ટ/મૂળ આરોપીને દોષિત ઠરાવી સજા ફરમાવતો જે હુકમ કરેલ છે તે હુકમ રદ ઠરવાને પાત્ર છે. પરંતુ આ બાબતે ટ્રાયલ કોર્ટ સમક્ષ રીસ્પોન્ડન્ટ નંબર–૨/મૂળ ફરિયાદીની થયેલ ઉલટ તપાસમાં એ હકીકત રેકર્ડ પર આવેલ છે કે, રીસ્પોન્ડન્ટ નંબર–૨/મૂળ ફરિયાદીએ એપેલન્ટ/મૂળ આરોપીને મિત્રતાના નાતે હાથ ઉછીની રકમ, વગર વ્યાજે આપેલ છે અને એપેલન્ટ/મૂળ આરોપી દ્વારા તે રકમ બે વર્ષમાં ચુકવી આપવા જણાવેલ. પક્ષકારો વચ્ચે થયેલ નાણાકીય વ્યવહાર ૨૦૧૯ ની સાલમાં થયેલ હોવાનું રીસ્પોન્ડન્ટ નંબર–૨/મૂળ ફરિયાદીએ ઉલટતપાસમાં સ્પષ્ટપણે સ્વીકારેલ છે. જે હકીકતનુ ખંડન એપેલન્ટ/મૂળ આરોપી કરી શકેલ નથી. તે હકીકત જોતાં ૨૦૨૧ ની સાલમાં ફરિયાદનું કારણ ઉપસ્થીત થતુ હોવાનુ ટ્રાયલ કોર્ટે માની, લેણુ સમય મર્યાદામાં હોવાનુ ટ્રાયલ કોર્ટે ઠરાવેલ છે તે પણ તદ્દન યોગ્ય અને વ્યાજબી જણાય છે. વધુમાં, ૨૦૨૦ ની સાલમાં કોરોનાની મહામારીનો સમય હોઈ, તે સમયગાળો સમય

મર્યાદાની જોગવાઈઓને બાધિત નથી. જે અંગે 'It is to be noted that Hon'ble Supreme Court of India in its judgement dated 08.03.2021 in a Suo Motu Writ Petition (Civil) No.3 of 2020, has taken cognizance of the situation arising from the Covid-19 pandemic and the difficulties faced by the litigants across the country and observed that the period from 15.03.2020 to 14.03.2021 shall stand excluded, in computing the period of limitation and has periodically extended time limit and lastly extended till 28.02.2022.'

ઉપરોકત સુઓ મોટો ધ્યાને લેતાં, પણ પક્ષકારો વચ્ચે થયેલ નાણાકીય વ્યવહાર સમયે કોરોનાની મહામારી ચાલતી હોઈ, તે સમયગાળો પણ બાદ મળતો હોવાનું માની શકાય અને તેથી પણ એપેલન્ટ/મૂળ આરોપી તરફે લેવામાં આવેલ આ દલીલ ગ્રાહય રાખી શકાય તેમ નથી.

**૧૩)** આમ, એપેલન્ટ/મૂળ આરોપીએ રીસ્પોન્ડન્ટ નંબર–ર/મૂળ ફરિયાદીને આપેલ વાદગ્રસ્ત ચેક તેમના કાયદેસરના લેણા પેટે આપેલ હોવાનુ નામ. ટ્રાયલ કોર્ટે માનેલ છે. જેનાથી વિરૂધ્ધની હકીકત પુરવાર કરવાની જવાબદારી એપેલન્ટ/મૂળ આરોપીની છે. નામ.ટ્રાયલ કોર્ટે કાયદાની જોગવાઈઓ અનુસાર કરેલ અનુમાનોને ખંડીત કરવાનો બોજો એપેલન્ટ/મૂળ આરોપી ઉપર છે. રીસ્પોન્ડન્ટ નંબર–ર/મૂળ ફરિયાદી દ્વારા રજૂ કરવામાં આવેલ ચેક ફંડસ ઈન સફીસીયન્ટના શેરા સાથે પરત ફરેલ છે. વાદગ્રસ્ત ચેક એપેલન્ટ/મૂળ આરોપી દ્વારા આપવામાં આવેલ નથી કે તેમાં પોતાની સહી નથી તેવું એપેલન્ટ/મૂળ આરોપી ટ્રાયલ કોર્ટ સમક્ષ રેકર્ડ પર

લાવવામાં નિષ્ફળ રહેલ છે. આમ, નામ. ટ્રાયલ કોર્ટનો હુકમ નામ. ટ્રાયલ કોર્ટે તેઓ સમક્ષ ફોજદારી કેસ નંબર–૧૩૩૪/૨૦૨૨ ના કામે પક્ષકારો તરફે રજૂ થયેલ તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું યોગ્ય રીતે મૂલ્યાંકન કરેલ છે તેમજ કાયદાકીય જોગવાઈઓ તથા એપેલન્ટ કોર્ટો દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંતો ધ્યાને લીધા બાદ હુકમ કરેલ છે અને તે હુકમ તદ્દન ન્યાયી, સમય મર્યાદાના કાયદાની જોગવાઈઓ મુજબનો જણાતો હોઈ, તેમાં હાલની એપેલેન્ટ અદાલતને હસ્તક્ષેપ કરવાની કોઈ જરૂરિયાત જણાતી ન હોઈ, મુદ્દા નંબર–૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નંબર–૨ પરત્વે નીચે મુજબનો છેવટનો હુકમ કરવામા આવે છે :

**:: હુકમ ::**

૧) એપેલન્ટ/મૂળ આરોપી તરફથી કરવામાં આવેલ હાલની **અપીલ આથી રદ** કરવામાં આવે છે.

૨) ગાંધીનગરના વિ.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીએ તેમની કોર્ટમાં ચાલતા ફોજદારી કેસ નંબર–૧૩૩૪/૨૦૨૨ ના કામે તા.૨૪/૦૯/૨૦૨૫ ના રોજ કરેલ હુકમ આથી કાયમ કરવામાં આવે છે.

૩) આથી આ કામના એપેલન્ટ/મૂળ આરોપીને જ્યુડીશીયલ કસ્ટડીમાં લેવા હુકમ કરવામાં આવે છે. એપેલન્ટ/મૂળ આરોપીનો સજા વોરંટ ભરી, સજાની અમલવારી માટે સેન્ટ્રલ જેલ, સાબરમતી, અમદાવાદ ખાતે મોકલી આપવામાં આવે છે.

૪) આ હુકમની યાદી સાથે નામ. ટ્રાયલ કોર્ટનું અસલ રેકર્ડ વિના વિલંબે તાત્કાલિક પરત મોકલી આપવું.

હુકમ આજ રોજ તારીખ **૦૧** લી, માહે–**જૂન**, સને–**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તારીખ :૦૧/૦૬/૨૦૨૬
સ્થળ : ગાંધીનગર.

//M.D.C//

(***આશિષ જે. એસ. મલ્હોત્રા***)
મુખ્ય સેશન્સ જજ, ગાંધીનગર.
(કોડ નંબર–જીજે ૦૧૫૦૪)